District Institute Of
Education & Training
Anand

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર

બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન : 2023-24

મોડેલ્સ તથા પ્રદર્શનની તૈયારી માટેની માર્ગદર્શિકા : 2023-24

-: પ્રેરક :-

ડૉ.નીપાબેન પટેલ
સચિવ,
જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર

એમ. કે. રાવલ
નિયામક,
જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર

-: માર્ગદર્શક :-

ડૉ.વિજય એસ.પટેલ
સ્ટેટ કૉ-ઓર્ડીનેટર,
જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર

ડૉ.બી.પી. ગઢવી
પ્રાચાર્ય,
જિ.શિ.અને તા.ભવન, આણંદ

-: સંકલન :-

ઉત્પલા સી. મહેતા
વિજ્ઞાન સલાહકાર, જિ.શિ.અને તા.ભવન, આણંદ

અનુવાદક ટીમ

ક્રમ	નામ	સંસ્થા/શાળાનું નામ
1.	નિમેષ એમ. જોષી	એસ.આર.જી.વિજ્ઞાન, દાગજીપુરા પ્રા.શાળા, તા.ઉમરેઠ
2.	દુષ્યંત એન.પરીખ	એચ.ટાટ, રામનગર પ્રાથમિક શાળા, તા.આણંદ
3.	રાકેશ બી.ખીરા	જિ.શિ. અને તા.ભવન, આણંદ
4.	રીતેશભાઈ કે.વાણીયા	સી.આર.સી.સી.ભેટાસી, તા.આંકલાવ
5.	રંજનબેન માયાવંશી	સી.આર.સી.સી, પંડોળી, તા. પેટલાદ
6.	ડૉ.હિતેન આર. સોલંકી	મ.શિ. એકતાનગર પ્રા. શાળા, તા.બોરસદ
7.	રોબીનકુમાર આર.ડાભી	મ.શિ. પ્રા.કન્યા શાળા, નાપાડ વાંટા, તા. આણંદ
8.	પૌલોમી જે. સોલંકી	મ.શિ. જેડવાપુરા પ્રા. શાળા, તા.પેટલાદ
9.	દીવ્યાંશીબેન બી.પંડ્યા	મ.શિ. ધૂંટેલી પ્રા.શાળા,તા.પેટલાદ
10.	સિદ્દિધ પી.પટેલ	મ.શિ. પોરડા પ્રા.શાળા,તા.પેટલાદ
11.	કોમલબેન એ.રાણા	મ.શિ.રાવલી પ્રા.શાળા, પેટલાદ
12.	પારૂલ કે.પટેલ	મ.શિ. મ.કી.સરસ્વતી મંદિર પ્રા.શાળા,તા. આણંદ
13.	હેતલ ટી.શાહ	મ.શિ., ડી.યુ.પટેલ પૂ. પ્રા. અને એન.એલ.પટેલ પ્રા.શાળા,ધર્મજ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

- ડૉ. વિજય એસ. પટેલ
સ્ટેટ કૉ ઓર્ડીનેટર
જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર

મૉડેલ્સ તથા પ્રદર્શનની તૈયારી માટેની માર્ગદર્શિકા : 2023-24

દરેક બાળક સ્વાભાવિક રીતે શીખવા માટે પ્રોત્સાહિત અને સક્ષમ હોય છે. બાળકોએ પ્રાપ્ત કરેલ જ્ઞાન એ તેમણે કરેલી પ્રવૃતિનું પરિણામ છે. બાળકો તેમની આસપાસના વાતાવરણમાંથી તથા લોકો સાથેના વ્યવહાર દ્વારા શીખે છે. પૂર્વવિચાર સાથે વર્તમાન વિચારોનું જોડાણ કરીને તેઓ જ્ઞાનનું સર્જન કરે છે. સર્જનાત્મકતા, સંશોધનાત્મકતા, વિજ્ઞાન અને ગણિતમાં નવીનતા તરફના વલણને પ્રોત્સાહિત કરવા માટે એન.સી.ઈ.આર.ટી. પ્રવૃતિઓ, પ્રયોગો, ટેકનોલોજી, મોડ્યુલો પર વધારે ભાર મુકે છે. શાળાના વિદ્યાર્થીઓ માટે યોજાતા ક્રમિક શાળા/બ્લોક/તાલુકા/જિલ્લા/ પ્રદેશ/રાજ્ય સ્તરના પ્રદર્શનો તથા રાષ્ટ્રીય સ્તરે યોજાતા વિજ્ઞાન-ગણિત-પર્યાવરણના સંગઠનના પ્રદર્શન જેવી કડીઓના વિશાળ વિસ્તૃતિકરણ દ્વારા એન.સી.ઈ.આર.ટી. વિવિધ પ્રવૃત્તિઓના અમલીકરણને પણ પ્રોત્સાહિત કરે છે.

(રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ)નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), નવી દિલ્હી દર વર્ષે બાળકો માટે રાષ્ટ્રીય વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરે છે જેથી કરીને બાળકો, શિક્ષકો અને લોકોમાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણીય શિક્ષણને લોકપ્રિય બનાવી શકાય. વર્ષ-2022માં, NEP 2020ના સંદર્ભમાં વિજ્ઞાન પ્રદર્શન વિશે સલાહ આપનાર સલાહકાર સમિતિએ આ રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શનનું નામ રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન (RBVP) રાખવાની મંજૂરી આપી હતી.

રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શન રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને અન્ય સંસ્થાઓ દ્વારા જિલ્લા કક્ષાએ, ઝોન કક્ષાએ, ક્ષેત્રીય કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ અગાઉના વર્ષે આયોજિત થયેલ પ્રદર્શનોનું સમન્વય છે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, નવોદય વિદ્યાલય સમિતિ, પરમાણું ઉર્જા વિભાગના કેન્દ્રીય વિદ્યાલયો, CBSE સાથે સંલગ્ન સ્વ-નિર્ભર શાળાઓ તથા વિભાગીય શિક્ષણ સંસ્થાઓ દ્વારા પ્રમાણિત બહુઉદ્દેશીય શાળાઓના પસંદ થયેલા નમૂનાઓ રાષ્ટ્રીય કક્ષાના આ પ્રદર્શનમાં ભાગ લે છે. છેલ્લા ઘણા વર્ષોની જેમ આ વર્ષે 2023-24માં પણ CRC, BRC, SVS કક્ષાએથી શરુ કરીને જિલ્લા કક્ષા તથા રાજ્ય કક્ષાએ ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શનો યોજાશે. ઉપરોક્ત પ્રદર્શનો નવેમ્બર 2024માં થનાર રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન(RBVP)ની તૈયારી માટે પ્રાથમિક સ્તર બની રહેશે.

પ્રદર્શનના હેતુઓ:

- બાળકોને પોતાની સ્વાભાવિક જીજ્ઞાસા અને રચનાત્મકતા માટે એક માધ્યમ ઉપલબ્ધ કરવું જ્યાં તેઓ પોતની જ્ઞાનપિપાસા માટે શોધખોળ કરી શકે.
- બાળકોની આસપાસ થઈ રહેલી ગતિવિધિઓમાં ગણિત-વિજ્ઞાનની અનુભૂતિ કરાવવી તથા ભૌતિક અને સામાજિક પર્યાવરણથી શીખવાની પ્રક્રિયા જોડી જ્ઞાન પ્રાપ્ત કરવા તથા વિવિધ સમસ્યાઓના સમાધાન માટે પ્રેરિત કરવાં.
- આત્મનિર્ભરતા, સામાજિક-આર્થિક તથા સામાજિક પરિસ્થિતિ વિષયક વિકાસનાં

લક્ષ્યની પ્રાપ્તિ માટે વિજ્ઞાન અને ગણિતનાં વિકાસને એક મહત્વના સાધન તરીકે ભાર આપવો.

- ગણિત-વિજ્ઞાન અને તકનીકીનો વિકાસ કેવી રીતે થયો છે તેનું વિશ્લેષણ કરવું તથા તેના પરની વિવિધ વ્યક્તિઓ, સંસ્કૃતિઓ અને સમાજની અસરો જોવી.
- ખેતી, ખાતર, ખોરાક ઉત્પાદન પ્રક્રિયા, બાયો ટેકનોલોજી, પ્રદૂષણમુક્ત ઉર્જા, આપત્તિ વ્યવસ્થાપન, માહિતી અને આદાન પ્રદાન ટેકનોલોજી, ખગોળ વિજ્ઞાન,પરિવહન, રમતો અને ખેલકૂદ તથા જળવાયું પરિવર્તનની સમસ્યાઓનો સામનો વગેરે જેવા ક્ષેત્રોમાં નવા ઉપાયો શોધવામાં વિજ્ઞાન અને ગણિતની ભૂમિકાની પ્રશંસા અને સરાહના કરવી.
- બાળકોને પર્યાવરણીય સબંધી સમસ્યાઓ પ્રત્યે જાગૃત કરવા અને તેમની જરૂરિયાતો ઓછી કરવા તથા તેમને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રેરિત કરવાં. બાળકો કુદરતી રીતે જ તેમના પર્યાવરણનાં પ્રશ્નો સંદર્ભે જીજ્ઞાસુ અને રચનાત્મક હોય છે. જો આજના બાળકો સમસ્યાનો સામનો કરવા, સમસ્યા ઉકેલવા અને નવા વિચારોના સર્જનમાં સતત વ્યસ્ત રહે તો આપણે આપણાં બાળકોને આવતીકાલના પડકારો માટે તૈયાર કરી શકીએ. આપણી સામેના પડકારોનો સામનો કરવા સતત નવાચાર કરવાની જરૂર છે. વધુ આરામ અને સલામતીની ઈચ્છા માટે માનવ સમુદાયની વધતી જતી આકાંક્ષાઓએ વિશ્વના માર્યાદિત સંસાધનો પર જબરદસ્ત દબાણ કર્યું છે. જે અસમાન પહોંચ અને સંસાધનોના બિનટકાઉ ઉપયોગ તરફ દોરી જાય છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ 'Global Resources Out look 2019' પ્રમાણે 1970થી વિશ્વમાં સંસાધનોનું નિષ્કર્ષણ ત્રણ ગણું વધ્યું છે. અધાતુ અને ખનીજનો ઉપયોગ અને 45% અશ્મિ બળતણનાં ઉપયોગના પાંચ ગણું નિષ્કર્ષણ વધશે. તે જ રીતે ખૂબ જ અગત્યના સ્ત્રોત એવા શુધ્ધ પાણીની પણ વિશ્વવ્યાપી તીવ્ર અછત ઉભી થશે. સંયુક્ત વિશ્વ સંઘ પાણી વિકાસ અહેવાલ 2019 પ્રમાણે 2 અબજ લોકો પાણીની તંગી અને 4 અબજ લોકો વર્ષમાં 1 મહિનો પાણીની તીવ્ર અછતનો અનુભવ કરશે. પાણીની માંગના યોગ્ય સંચાલન પર વધારે ધ્યાન કેન્દ્રિત કરીને પાણીનો મર્યાદિત સ્ત્રોત તરીકે ઉપયોગ કરવો પડશે. વિશ્વ વિકાસ અને પાણીની જરૂરિયાત વચ્ચેના જટિલ સંબંધ માટે આબોહવા બદલાવ અને જૈવિક ઉર્જા વિસ્તારવી પડશે. એ સાચી વાત છે કે- "જળ એ જ જીવન છે" તેથી સૌની જવાબદારી બને છે કે આ અગત્યના સ્ત્રોતની જાળવણી અને સંરક્ષણ કરે. પાણી અને આરોગ્ય – સ્વચ્છતાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ભારત સરકારે આ ક્ષેત્રમાં સારુ એવુ રોકાણ વધાર્યુ છે.

આપણે સૌ જાણીએ છીએ કે આજે વિશ્વ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યુ છે તે માત્ર કોઈ શહેર, રાજ્ય કે દેશ પૂરતી મર્યાદિત નથી, પરંતુ વૈશ્વિક સમસ્યાઓ છે. અને આ સમસ્યાઓના સમાધાન માટે વિશ્વના બધા દેશોએ સંગઠિત થઈ કામ કરવાની જરૂર છે. વિશ્વની સમસ્યાઓના ઉકેલ માટે તથા લોકો અને પૃથ્વી માટે શાંતિ અને સમૃદ્ધિ લાવવા, હવે અને ભવિષ્યમાં, સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશોએ 'Sustainable Development માટે 2030 એજન્ડા' અપનાવ્યો, જેમાં 169 સંકળાયેલા લક્ષ્યાંકોની સાથે 17 વિવિધ ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG)નો સમાવેશ થાય છે. સાતત્યપૂર્ણ વિકાસનો અર્થ એ છે કે ભાવિ પેઢીની જરૂરિયાતો સાથે સમાધાન કર્યા વગર વર્તમાનની જરૂરિયાતો સંતોષાય તેનો એવો અર્થ નથી કે આપણે અવિરત તેનો ઉપયોગ કર્યા કરી ભાવિ પેઢી માટે તેમના પૂરતું પણ ના છોડીએ.

ભારત સરકારના મુખ્ય કાર્યક્રમો જેવા કે - મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર અધિનિયમન કાયદો (MGNREGA) પ્રધાનમંત્રી જનધન યોજના (PMJDY), પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

(આયુષ્માન ભારત યોજના) કૌશલ્ય વિકાસ, સ્વચ્છ ભારત અભિયાન (Clean India Campaign), પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, બેટી બચાવો બેટી પઢાવો (Save the Girl Child - Educate the Girl Child) જેવા મહત્વના લક્ષ્યોને પ્રાપ્ત કરવાના આ કેટલાક પગલા છે.પ્રકૃતિ અને વિશ્વની શોધ અને સમજણ માટે વિજ્ઞાન અને ગણિત એ શક્તિશાળી સાધન છે. સમાજ જે સમસ્યાઓનો સામનો કરે છે તેના નિવારણમાં વિજ્ઞાન અને ગણિતે પણ મહત્વની ભૂમિકા ભજવી છે અને એક મહત્વના સાધન તરીકે સામાજિક, આર્થિક વિકાસ, સ્વનિર્ભરતાના લક્ષ્યને પ્રાપ્ત કરેલ છે. આ શક્તિશાળી સાધનોને ઓળખી અને પ્રોત્સાહિત કરીએ જેથી સમાજ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે તેમાંથી બહાર આવી સારા ભવિષ્ય નિર્માણમાં વિજ્ઞાન અને ટેકનોલોજી સમાધાન તરફ દોરી જાય. **રાજ્યકક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન (RBVP) 2023-24 માટે વિષય વસ્તુ તરીકે 'સમાજ માટે વિજ્ઞાન અને તકનીકી' પસંદ થયું.વિષય અને પેટા વિષય એ સ્પષ્ટ કરે છે કે (RBVP) 2023-24 એ પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે રાષ્ટ્રસંઘે પ્રતિપાદિત કરેલા સાતત્ય પૂર્ણ વિકાસ પર ભાર આપે છે.** આ સંદર્ભમાં એવી કલ્પના છે કે બાળકો અને શિક્ષકો વિશ્વનાં સાતત્યપૂર્ણ વિકાસ માટે વિજ્ઞાન અને તકનીકીના બધા જ પાસાઓનું વિશ્લેષણ કરે. આ શિક્ષકો અને વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અને ગાણિતિક વિચારો અને નમૂના નિર્માણ કરવા વિવિધ સમસ્યા સંબંધિત પ્રદર્શન કરવા સક્ષમ બનાવશે. આ સંદર્ભમાં વૈજ્ઞાનિક વિચારો કંઈક નાવિન્યપૂર્ણ નિર્માણ માટે સાદી તકનીકી નિર્માણ કરી / સાધનોની નવી જરૂરિયાતો ઉભી કરે. વિજ્ઞાન અને તકનીકીના વિકાસમાં વસ્તીના નીચેના સ્તર સુધીની ભાગીદારીને સક્ષમ બનાવે. વિજ્ઞાન, ગણિત અને તકનીકીની વૃદ્ધિ થકી દેશ માટે નાવિન્ય પૂર્ણ ઈકો – સિસ્ટમનું નિર્માણ કરે. એવા કેટલાક ઉદાહરણો કે જેમાં બાળકો અને તેમના શિક્ષકો કેટલાક નવા વિચારો વિશે વિચારે કે જે નવીન હોય અને ભવિષ્યમાં અમલીકરણમાં મૂકાય તેવા હોય. મોટા ભાગે આવા કેટલાક વિચારો નમૂના કે પ્રદર્શન સ્વરૂપે રજૂ કરવા શક્ય બનતા નથી. બધા સ્તરના પ્રદર્શનના વ્યવસ્થાપકો વિદ્યાર્થીઓને અને શિક્ષકોને આવા વિચારોની રજૂઆત અને ચર્ચા માટે તક પૂરી પાડે છે. બાળકો અને શિક્ષકોએ નવી પ્રક્રિયાઓ, સંશોધનો, વિજ્ઞાન, તકનીકી અને ગણિતમાં ક્યાં અને કેવી રીતનો વિકાસ વિશ્વમાં સારું ભવિષ્ય લાવી શકે તે ઓળખવું પડશે.

આ માટે વિદ્યાર્થીઓને સર્જનાત્મક રીતે વિજ્ઞાનના વિષયોના સંપાદનમાં સામલે કરવા જરૂરી છે જે અધ્યેતા તરીકે તેમના સમગ્ર વિકાસમાં મદદ કરી શકે. **તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સ્તરીય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન (RSBVP) 2023-24 માટેનું વિષયવસ્તુ 'સમાજ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી' તરીકે પસંદ કરવામાં આવ્યું છે.** વિજ્ઞાન અને ટેક્નૉલૉજી વિના વર્તમાન સમયમાં જીવનની કલ્પના કરી શકાતી નથી; તે પ્રવર્તમાન અસ્તિત્વનો આવશ્યક ઘટક છે. વિજ્ઞાન અને ટેકનોલોજી સમકાલીન સમાજમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓની વિશાળ શ્રેણી ભજવે છે. તે આપણા કાર્ય, સંદેશાવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય અને અન્ય ક્ષેત્રોમાં નિર્ણાયક ભૂમિકા ભજવવા માટે સંશોધન અને વિકાસની બહાર વિસ્તરે છે. તમામ વૈજ્ઞાનિક શોધોનો આધાર કુદરતી ઘટનાઓ અને તેના કારણો વિશે વિચારવામાં આવે છે; વિજ્ઞાન એ જિજ્ઞાસાથી પ્રેરિત જ્ઞાનની એક સંરચિત શોધ છે. બીજી બાજુ, પ્રાયોગિક પ્રણાલીઓ અને પ્રક્રિયાઓ બનાવવા માટે વૈજ્ઞાનિક જ્ઞાનનો વ્યવહારિક ઉપયોગ ટેકનોલોજી તરીકે ઓળખાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે મળીને આપણને આપણી આસપાસના વાતાવરણને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે અને હકીકતો અને માહિતીઓના આધારે વધુ શિક્ષિત નિર્ણયો લેવામાં આપણને સક્ષમ કરે છે. કોવિડ-19 રસી અને અન્ય જીવનરક્ષક દવાઓની શોધ તરફ દોરી ગયેલા વૈજ્ઞાનિક સંશોધન અને તકનીકો માટે આપણે જેટલી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ તેટલી ઓછી છે; તે માત્ર અદ્યતન તબીબી ઈમેજિંગ તકનીકો અને આ ક્ષેત્રમાં અન્ય વૈજ્ઞાનિક શોધો દ્વારા શક્ય બન્યું છે જેના થકી આપણે નિદાન, સારવાર અને દર્દીની સંભાળમાં સુધારો કર્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજી આપણા સમાજના વિવિધ ક્ષેત્રોના વિકાસને

આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેણે આપણને આરોગ્ય સંભાળ સુધારવામાં મદદ કરી છે. ટેક્નોલોજીએ ડિજિટલાઈઝેશન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા માટે માર્ગ મોકળો કર્યો છે.

તેણે કોમ્યુનિકેશન અને કનેક્ટિવિટીમાં પણ ક્રાંતિ લાવી છે. પરિણામે, વૈજ્ઞાનિક જ્ઞાનની વહેંચણી સરળ અને બધા માટે ખુલ્લી છે. વિજ્ઞાન પર્યાવરણીય મુદ્દાઓને ઉકેલવામાં પણ મદદ કરે છે અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે છે. આધુનિક સભ્યતા, જેમાં આરોગ્ય સંભાળથી લઈને અર્થશાસ્ત્ર, રાષ્ટ્ર નિર્માણ, પર્યાવરણીય સંરક્ષણ, સંદેશાવ્યવહાર અને ઓટોમેશન સુધીના આપણા જીવનના દરેક ક્ષેત્રનો સમાવેશ થાય છે, જે વિજ્ઞાન અને ટેકનોલોજીના પરિણામે બદલાઈ રહી છે. તેનો હેતુ છે કે વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ પરિપ્રેક્ષ્યમાં સમાજમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના કાર્યના તમામ પાસાઓનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરશે. આનાથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ઉકેલો લાવવા અને વિવિધ મુદ્દાઓ માટે નમૂનાઓ અને પ્રદર્શનો બનાવવાનું શક્ય બનશે. જો કે, એવા કિસ્સાઓ છે કે જ્યારે બાળકો અને તેમના શિક્ષકો એવા કેટલાક વિચારો વિશે વિચારે છે જે નવા છે અને ભવિષ્યમાં લાગુ થઈ શકે છે. ઘણીવાર આવા વિચારોને નમૂના/પ્રદર્શન સ્વરૂપે રજૂ કરવા શક્ય ન પણ હોય. તમામ સ્તરે પ્રદર્શનોના આયોજકો વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રસ્તુતિઓ અને ચર્ચાના સ્વરૂપમાં આવા વિચારો રજૂ કરવાની તક પૂરી પાડી શકે છે. (RSBVP- 2023-24 અને RBVP-2024 માટેનો મુખ્ય વિષય, 'સમાજ માટે વિજ્ઞાન અને ટેક્નલોજી' છે, અને તે પેટા વિષયોને આવરી લેવા માંગે છે જેમ કે-

1. સ્વાસ્થ્ય (Health)
2. જીવન-પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી (Life – Lifestyle for Environment)
3. કૃષિ-ખેતી (Agriculture)
4. પ્રત્યાયન અને વાહનવ્યવહાર (Communication and Transport)
5. ગણનાત્મક ચિંતન – કોમ્પ્યુટરના ઉપયોગ સંલગ્ન ચિંતનાત્મક પ્રક્રિયા (Computational Thinking)

(ઉપરોક્ત સૂચિબદ્ધ વિષયો ફક્ત માર્ગદર્શન માટે છે. વિદ્યાર્થીઓ કોઈપણ પેટા વિષયપસંદ કરી શકે છે અને જેમાં **'સમાજ માટે વિજ્ઞાન અને ટેક્નલોજી'** વિષયનો સમાવેશ થતો હોય તેવા નમૂનાઓ વિકસાવી શકે છે)

નમૂનાઓ વિકાસ માટે મુખ્ય વિષયના સંદર્ભમાં સૂચિબદ્ધ પેટા-વિષયોને લગતા કેટલાક અનુકરણીય વિષયો નીચે આપેલ છે.

1. સ્વાસ્થ્ય (Health)

'માત્ર રોગ અથવા અશક્તિની ગેરહાજરીને બદલે આરોગ્ય એ સંપૂર્ણ શારીરિક માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ છે'- આ વ્યાખ્યા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા 1948 માં રજૂ કરવામાં આવી હતી. માત્ર રોગની ગેરહાજરી જ નહીં પણ વ્યક્તિ ત્યારે જ સ્વસ્થ કહી શકાય જ્યારે તેનું શરીર રોગમુક્ત રહે અને સાથે જ કોઈ માનસિક તણાવ પણ ન હોય. તે સમાજ સાથે સારા આંતરવ્યક્તિત્વ સંબંધોનો આનંદ માણે છે અને વ્યક્તિ માટે, સ્વાસ્થ્યનું એક ચોક્કસ સ્તર છે જે દરેક વ્યક્તિ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. આરોગ્ય એ પાયો છે જે તમારા જીવનના દરેક પાસાને સમર્થન આપે છે. તે તમને તમારા ધ્યેયોને આગળ ધપાવવા અને સમય જતાં જીવનના અનુભવોનો આનંદ માણવા દે છે. સ્વસ્થ લોકો વધુ સફળ અને ઉત્પાદક જીવન જીવે છે. તંદુરસ્ત વ્યક્તિઓ ઉત્પાદકતા અને આર્થિક સમૃદ્ધિ હાંસલ કરવા માટે ચાવીરૂપ છે.

વધુમાં, એક સ્વસ્થ વ્યક્તિ જીવનનું સકારાત્મક અર્થઘટન અને ભાવનાત્મક સ્થિતિ ધરાવે છે અને તે તણાવ વ્યવસ્થાપન માટે પણ સક્ષમ છે. વ્યક્તિએ હંમેશા તેમના સ્વાસ્થ્યની કાળજી લેવી જોઈએ, સંતુલિત જીવનશૈલીની પસંદગીઓ દ્વારા તમારા સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવું જોઈએ, નિયમિત કસરત કરવી જોઈએ, જંક ફૂડ, તમાકુ અને આલ્કોહોલ જેવા હાનિકારક

પદાર્થોના સેવનને ટાળીને સંતુલિત અને પૌષ્ટિક આહાર લેવો જોઈએ, તમારી આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવું જોઈએ અને મજબૂત અને સકારાત્મક નિર્માણ કરવું જોઈએ. તમારા સમાજમાં આંતરવૈયક્તિક જોડાણો તંદુરસ્ત જીવન જીવવાના તમામ મહત્વપૂર્ણ પાસાઓ છે.

આરોગ્ય આનુવંશિક ખામીઓ, ચેપ અને જીવનશૈલી દ્વારા વ્યાપકપણે પ્રભાવિત થાય છે પરંતુ ઘણા રોગોના કિસ્સામાં બહુ-કારણકારી કારણો વધુ પ્રચલિત છે. આનુવંશિક ખામીઓના કિસ્સામાં, કેટલીક ખામીઓ માતાપિતા તરફથી વારસામાં મળે છે જેના શ્રેષ્ઠ ઉદાહરણો હિમોફીલિયા અને રંગ અંધત્વ છે, જો કે, કેન્સર અને ડાયાબિટીસ મેલીટસ જેવા રોગો પણ આનુવંશિક આધાર ધરાવે છે અને તે બિન-ચેપી છે. વધુમાં, ઘણા રોગો ટૂંકા ગાળા માટે રહે છે જેમ કે સામાન્ય શરદી. પરંતુ ઘણી અન્ય બીમારીઓ લાંબા સમય સુધી રહે છે અને ક્ષય રોગ જેવી બીમારી આજીવન સમય સુધી પણ રહે છે, તે ક્રોનિક (દીર્ઘકાલીન) રોગો છે. કેન્સર એ માનવજાતના સૌથી ભયંકર ક્રોનિક (દીર્ઘકાલીન) રોગોમાંનું એક છે અને સમગ્ર વિશ્વમાં મૃત્યુનું મુખ્ય કારણ છે.

ચેપી વાહકોમાં જીવાણુઓના વિશાળ જૂથનો સમાવેશ થાય છે જેને પેથોજેન્સ કહેવાય છે, તે વાયરસ, બેક્ટેરિયા, ફૂગ, પ્રજીવ બહુકોષીય કૃમીઓ(મલ્ટી-સેલ્યુલર વોર્મ્સ), જંતુઓ વગેરે છે. આ સજીવોને કારણે થતા રોગોમાં ઈન્ફ્લ્યુએન્ઝા, ડેન્ગ્યુ તાવ, એઈડ્સ, ટાઈફોઈડ, કોલેરા, મેલેરિયા, દરાજ,ફાઈલેરિયાસિસ વગેરે નો સમાવેશ થાય છે. પેથોજેન્સ વિવિધ પર્યાવરણીય પરિસ્થિતિઓમાં જીવે છે અને યજમાનની અંદરના વાતાવરણમાં અનુકૂલન કરવાની મોટી ક્ષમતા ધરાવે છે. ઘણા કિસ્સાઓમાં, શરીર રોગપ્રતિકારક તંત્ર દ્વારા આ પૈકી મોટાભાગના ચેપી વાહકોથી પોતાને બચાવવા માટે સક્ષમ છે.

ઘણા પર્યાવરણીય જોખમોને લીધે આપણા સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર થાય છે જે શરીરમાં અનેક પ્રકારના ચેપ તરફ દોરી જાય છે. વધતી વસ્તી સાથે, ખોરાક, પાણી, ઘર, વાહનવ્યવહાર, ઉર્જા વગેરેની માંગ વધી રહી છે જેના કારણે આપણા કુદરતી સંસાધનો પર જબરદસ્ત દબાણ આવી રહ્યું છે અને તેના કારણે હવા, પાણી અને જમીનના પ્રદૂષણમાં ફાળો આપી રહ્યો છે. આપણે જે ખોરાક અને પાણી લઈએ છીએ તે સહિતની જીવનશૈલી, જંક/ફાસ્ટ ફૂડ, આરામ અને વ્યાયામ, આદતો, ડ્રગ્સ અને આલ્કોહોલનો દુરુપયોગ એ આપણા સ્વાસ્થ્ય માટેનો બીજો પડકાર છે. સ્થૂળતાનું વધતું પ્રમાણ, હાયપરગ્લાયસેમિયા અને હાયપરટેન્શનની ખર્ચાળ તપાસ એ આરોગ્યની દ્રષ્ટિએ ચિંતાનું મુખ્ય કારણ છે.

વૈજ્ઞાનિકો, ટેક્નોલોજીસ્ટ, ડોકટરો અને પ્રકૃતિવાદીઓના સતત પ્રયાસોએ આપણા જીવનમાં સલામતી અને સુરક્ષાના ઘણા નવા રસ્તાઓ શોધ્યા છે. બાયો-મેડિકલ ડાયગ્નોસ્ટિક્સ, નવી રસીઓ અને એન્ટિબાયોટિક્સ, સર્જિકલ પદ્ધતિઓ અને આનુવંશિક ઈજનેરીમાં મુખ્ય આવિષ્કારોએ માનવજાતને રાહત આપી છે. આ પ્રયાસો વ્યક્તિગત સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના ધોરણને વધારવા અને સમુદાયને નિવારક અને ઉપચારાત્મક બંને સુવિધાઓ પૂરી પાડવા માટે જવાબદાર છે.

સસ્ટેનેબલ ડેવલપમેન્ટલ ગોલ્સ, 2015 માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્થાપિત ધ્યેય નંબર3 "સારા સ્વાસ્થ્ય અને સુખાકારી" "સ્વસ્થ જીવનને સુનિશ્ચિત કરવા અને દરેક ઉંમરે બધા માટે સુખાકારીને પ્રોત્સાહન આપવા" બનાવવામાં આવ્યો છે. ભારત નેશનલ હેલ્થ મિશન (NHM), આયુષ્માન ભારત હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમ, નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અને તેવી અન્ય પથપ્રદર્શક પહેલ પર કામ કરીને SDG ધ્યેય 3 હાંસલ કરવામાં સફળતા મેળવી રહ્યું છે.

આ પેટા-થીમના મુખ્ય ઉદ્દેશ્યો છે: આપણા સ્વાસ્થ્ય અને શરીરની પોષક જરૂરિયાતોને અસર કરતા પરિબળો વિશે બાળકોમાં જાગૃતિ લાવવી; કોરોનાવાયરસ જેવા રોગોના નિવારણ અને ઉપચારમાં નવી વૈજ્ઞાનિક, તકનીકી અને બાયોમેડિકલ શોધ કરવી; કોવિડ-19 pandemic દરમિયાન સર્જાયેલી કટોકટીના સારા વ્યવસ્થાપન માટે મનુષ્યની પોષણની જરૂરિયાતને

પહોંચી વળવા માટે વિવિધ વૈજ્ઞાનિક અને તકનીકી હસ્તક્ષેપો અને નવીન વિચારોનું અન્વેષણ કરવું. આ પેટા-વિષયમાં પ્રદર્શનો/નમૂના આ બાબતથી સંબંધિત હોઈ શકે છે:

- શરીરમાં માંદગી પેદા કરતા અને સ્વાસ્થ્ય પર અસર કરતા પરિબળો
- કેવી રીતે સ્વચ્છતા આરોગ્યને અસર કરે છે તેનો અભ્યાસ કરવો;
- રોગો સામે લડવાની આપણી રોગપ્રતિકારક શક્તિમાં સુધારો કરે તેવો ખોરાક;
- સર્જિકલ માસ્ક તથા PPE કિટ્સના નિકાલ, જૈવિક રીતે નાશ કરી શકાય તેવા તથા જૈવિક રીતે નાશ ન કરી શકાય તેવા કચરાના નિકાલ માટેની સુધારેલ પદ્ધતિઓ, સ્વચ્છતાની નવીન રીતો અને યોગ્ય ટેકનોલોજી.
- નીતિઓ/કાર્યક્રમો/યોજના/સેમિનાર/કાર્યશાળાઓ જેમ કે સ્વચ્છ ભારત અભિયાન, રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ, શૈક્ષણિક પ્રોગ્રામ શાળાઓ/કોલેજોમાં આરોગ્ય વિશેના અસરકારક અમલીકરણ માટેના નવીન વિચારો વગેરે જે આરોગ્ય પર નોધપાત્ર અસર કરે છે;
- ભારતને વૈશ્વિક અર્થવ્યવસ્થાનો મોટો હિસ્સો બનાવવા માટે આત્મનિર્ભર ભારત જેવી નીતિઓ/કાર્યક્રમો/યોજનાઓના અસરકારક અમલીકરણ માટે નવીન વિચારો.
- નીતિઓ/કાર્યક્રમો/યોજનાઓ જેમ કે નમામી ગંગે અને રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે નવીન વિચારો
- ગ્રામીણ સ્વચ્છતામાં સુધારો કરવા માટે સ્વચ્છતાની પદ્ધતિઓ જાળવવા માટે સૂકા અને ભીના કચરાના બીજને અલગ કરીને તેનો નિકાલ કરવા જેવા કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવા અંગે જાગૃતિ લાવવાની રીતો;
- ચેપી અને બિન ચેપી રોગો, કારણભૂત પરિબળો અને તેમના સ્ત્રોતો સાથે સંબંધ;
- કોરોના વાયરસ, ફેફસાના ચેપ, ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા અને અન્ય ઉષ્ણકટિબંધીય રોગોના ફેલાવાને નિયંત્રિત કરવાની પદ્ધતિઓ/રસ્તાઓ
- વિવિધ સ્તરે રોગો નિયંત્રણ માટે નવીન નિવારક પગલાં/ વિવિધ એજન્સીઓની ભૂમિકાઓ (રોગનો ચેપ ફેલાવતી સાંકળ તોડવામાં વ્યક્તિની ભૂમિકા)
- પરંપરાગત ઉપચાર કરવાની પદ્ધતિઓનું પ્રદર્શન અને ઉપયોગ.
- શારીરિક કસરત અને યોગ વિશે પ્રચલિત તથ્યો તથા તારણોનું પ્રદર્શન
- સમતોલ આહારનું મહત્વ પ્રદર્શિત કરવું અને વિવિધ ખાદ્ય પદાર્થોના પોષક મૂલ્યોનું મહત્વ દર્શાવવું:
- સામજિક અંતરની ભૂમિકા બાબતે લોકોને અવગત કરવા તથા તેના વિશે જાગૃતતા ફેલાવવાની નવીન રીતો/પગલાં દ્વારા તેના અમલીકરણમાં ઉભી થતી સમસ્યાઓનું નિરાકરણ લાવવું.
- જંક ફૂડ વસ્તુઓ અને ભેળસેળયુક્ત ખાદ્ય ચીજોની આપણા શરીર પર થતી અસરો અને તેના નિવારક પગલાં દર્શાવવા માટેના નમૂના/પ્રોજેક્ટનું પ્રદર્શન
- અકસ્માતો અને ઈજાઓ ટાળવા માટે જોખમી પરિસ્થિતિઓમાં સલામતીના યોગ્ય નિયમો વિશે બાળકોમાં જાગૃતિ લાવવા માટે નમૂના/પ્રોજેક્ટ્સનું પ્રદર્શન.
- ગ્રામીણ/શહેરી વિસ્તારો અને જાતિ આધારિત પાસાઓ માટેની તબીબી સહાય અને સુવિધાઓ પ્રસ્તુત કરે છે.
- પાયાગત જ્ઞાનનો વિકાસ અને નવીન વૈજ્ઞાનિક અને તકનીકી સહાયોની જૈવ તબીબી (બાયોમેડીકલ) વિસ્તારમાં સમજ.
- વિવિધ પરંપરાગત તથા આધુનિક તબીબી ક્ષેત્રો જેવા કે હોમીઓપેથી, આયુર્વેદ વગેરેમાં

જાણીતા સંશોધનના તારણો તથા તથ્યોનું પ્રદર્શન.

- જાણીતા તથ્યો અને સંશોધનના આધારે જીવનશૈલી અને તેના સારા અને ખરાબ સ્વાસ્થ્ય સાથેના સંબંધો
- વિવિધ રોગો માટે ટીકા અને રસીકરણના ફાયદા માટે ઉપલબ્ધ સામાન્ય રોગ પ્રતિરોધક પગલાં; કુટુંબ નિયોજન અને કલ્યાણ માટે યોગ્ય પગલાં.
- ઓછા ખર્ચે, રોગ પ્રતિકારક શક્તિ વધારવા અને પૌષ્ટિક આહાર માટેના વિચારો
- ઓછા ખર્ચે તબીબી નિદાન અને રોગનિવારક સાધનો;
- માનસિક સ્વાસ્થ્ય તથા સુખાકારી અંગે જાગરૂકતા વધારવાની રીતો તથા તેનો પ્રચાર
- માદક પદાર્થો જેવા કે દારુના સેવન પર નિયંત્રણ અને સારવારને મજબૂત કરવા માટે નવીન વિચારો.
- હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ બીમારીનું કારણ બને છે તે પ્રદૂષણ ઘટાડવાની રીતો.
- પાકના પોષણ મૂલ્યને સુધારવા માટે બાયોટેકનોલોજીની ભૂમિકા.
- ટકાઉ કૃષિ તથા આરોગ્ય માટેના નમૂના
- ખાતરો, જંતુનાશક દવાઓ અંતઃસ્ત્રાવો અને ખાદ્ય પદાર્થમાં વપરાતાં રંગો વગેરેના રાસાયણિક અવશેષોની આરોગ્ય પર થતી અસરને દર્શાવતા નમૂના.
- શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓનો કોરોના વાયરસથી બચાવ કરવા માટે નવા તબીબી નિદાન અને ઉપચારાત્મક સાધનો/ સહાય
- વિવિધ એજન્સીઓના વિવિધ સ્તરો/ ભૂમિકાઓ પર નવીન નિયંત્રણ પગલાં.
- પાલતું પ્રાણીઓના સારા સ્વાસ્થ્ય માટે નવીન વિચારો/નમૂના. રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ, પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ યોજના જેવી નીતિઓ/ યોજનાઓ/ કાર્યક્રમોને અસરકારક રીતે અમલમાં મૂકવા માટેના વિચારો.

2. જીવન-પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી (Life – Lifestyle for Environment)

પર્યાવરણમાં થતાં ફેરફારની અસર આપણા પ્રવર્તમાન જીવન ઉપર જે રીતે અનુભવાય છે તે અત્યાર સુધી ક્યારેય અનુભવાઈ નથી. વાતાવરણમાં થતા ફેરફારો આપણા જીવનના તમામ પાસાઓને અસરકર્તા છે. માનવીઓ દ્વારા થતો કુદરતી સંસાધનોનો વધુ પડતો ઉપયોગ એ પુનઃઅપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો જેમ કે ખનીજતેલ વગેરેનું અવક્ષયનું કારણ છે. આપણે કુદરતી સંસાધનોનો એટલી હદે આડેધડ ઉપયોગ કરીએ છીએ કે, જેથી પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોત જેવું કે પાણી પણ પ્રદુષિત થઈ રહ્યું છે અને જગતમાં ઘણી જગ્યાઓએ તેની અછત વર્તાઈ રહી છે. એવું પણ માનવામાં આવે છે કે હવે પછીનું વિશ્વયુદ્ધ કદાચ પાણીને કારણે પણ થઈ શકે. જગત અત્યારે ખૂબ જ ઝડપથી શહેરીકરણ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે કચરાનો નિકાલ, ભૂમિ પ્રદૂષણ, હવા અને પાણીના પ્રદૂષણની સાથે સાથે અત્યંત વધુ પડતા કચરાનું ઉત્પાદન પણ ચિંતાજનક રીતે નોંધનીય છે. રેફ્રિજરેટર, વાહન વ્યવહાર અને રસાયણિક (ઇન્ડસ્ટ્રી) કારખાના હવાના પ્રદૂષણનાં મુખ્ય સ્ત્રોતો છે. સાથે સાથે તેઓ ગ્રીનહાઉસ ગેસ (ગ્રીન હાઉસ અસર)ને વધારવામાં પણ ભાગ ભજવે છે. આપણી બિન ટકાઉ પદ્ધતિઓ, પરંપરાઓ કે પ્રથાઓ આવનારી પેઢીના ભવિષ્ય માટે જોખમરૂપ છે. પરંતુ આ પ્રથાઓ બિન ટકાઉ ખેતી, વસવાટ અને જમીનની ફળદ્રુપતામાં ઘટાડો કે અછત તથા જૈવ વિવિધતાના નુકસાનમાં પણ ભાગ ભજવે છે. દરરોજ ઉત્પન્ન થતા કચરાના પર્વત સમા ઢગના નિકાલ માટે આપણી પાસે પૂરતી જગ્યા નથી. કચરાના ખડકાયેલા જથ્થાનો એક મોટો હિસ્સો મહાસાગરોમાં ઠાલવવામાં આવે છે. જેનાથી મહાસાગરોમાં જળ પ્રદૂષણ તથા જળચરોની જીવ સૃષ્ટિને જોખમ ઊભું થાય છે. જ્યારે આપણા ઉપલબ્ધ સંસાધનો ઘટી રહ્યા છે. અને આપણો વપરાશ વધી રહ્યો છે તેથી જે ઉપલબ્ધ છે અને જે ઉપલબ્ધ નથી તે બંને વચ્ચે અંતર વધી રહ્યું છે. જો આપણે ટકાઉ

જીવનશૈલી ઈચ્છતા હોઈશું તો આપણે આ અંતર ઘટાડવું જ પડશે. વાતાવરણમાં થતી નકારાત્મક અસરોને ઘટાડવા અને માનવીય જરૂરિયાતો અને આપણા ગ્રહ પૃથ્વીના કલ્યાણ માટે ટકાઉ જીવનશૈલી એ માત્ર વિકલ્પ જ નહીં પરંતુ જરૂરિયાત છે. એક ટકાઉ જીવનશૈલી એ પર્યાવરણ રક્ષણ માટેની જીવન શૈલી છે અને તે નીચે મુજબની પ્રથાઓ ઉમેરે છે, (1) ઉર્જા કાર્યક્ષમ ઉપકરણો અને લાઈટિંગનો ઉપયોગ કરીને ઊર્જાનો વપરાશ ઘટાડવો, પરિવહન(વાહન વ્યવહાર)ના યોગ્ય માધ્યમો પસંદ કરીને પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો જેમ કે સૌર ઉર્જાનો ઉપયોગ વધારવો. (2) રોજબરોજની પ્રવૃત્તિઓમાં સભાનપણે પાણીનો વપરાશ (3) પાણીના વપરાશમાં ઘટાડો ૩ R ની સ્વીકૃતિ કરતા (Reduce-ઘટાડો, Reuse - પુનઃવપરાશ, Recycle - પુનઃચક્રણને અપનાવીને કચરાના ઉત્પાદનમાં ઘટાડો કરવો. આપણે આપણો વપરાશ ઘટાડવો જોઈએ અને આપણી જરૂરિયાત મુજબ જ ઉપયોગ કરવો જોઈએ. આપણે શક્ય એટલી વસ્તુઓનો પુનઃઉપયોગ કરવો જોઈએ. જેમકે સંગ્રહ કરવા માટે પ્લાસ્ટિકના કન્ટેનર અને કાર્ડ બોર્ડ બોક્સનો ઉપયોગ. આપણે આપણા જૂના કપડાને ફેંકી દેવાને બદલે જરૂરિયાતમંદ લોકોને દાન કરી શકીએ. આપણે સમાચાર પત્રો, બોટલો, ટીન, ગ્લાસ (કાચ) જેવી વસ્તુ અને પુનઃચક્રણ (રિસાયકલ) કરવી જોઈએ. જેનો ઉપયોગ અન્ય વસ્તુઓના ઉત્પાદન માટે કાચા માલ તરીકે થાય છે. પુનઃચક્રણ (રિસાયકલ) આપણા કુદરતી સંસાધનોની ઉપયોગીતાના ભારને ઘટાડે છે. અને સાથે સાથે તે કચરાને જમીનમાં જતો અટકાવે છે. આપણા રોજિંદા જીવનમાં ટકાઉ પ્રથાઓને સામેલ કરવા માટે પર્યાવરણ પ્રત્યે પ્રતિબદ્ધતાની જરૂર છે. માનવ અને પૃથ્વી બંનેની ભલાઈ માટે સભાન પસંદગીઓ કરવી એ આજના સમયની જરૂરિયાત છે. સભાનપણે અને ઈરાદાપૂર્વકની જનચળવળો એ પર્યાવરણ રક્ષણ માટેની જીવન શૈલી છે. ટકાઉ ભવિષ્ય બનાવવા માટે તમામ સંબંધીત હિતધારકોને આવી જીવનશૈલી વિશે લોકોને શિક્ષિત કરવું એ પણ એક એજન્ડા હોવો જોઈએ.

આ બાબત ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ તેમના વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ કરીને નવીન વ્યુહ રચનાઓ સાથે આવી શકે છે. તેઓ સમસ્યાને ઓળખી શકે છે અને સમસ્યા ઉકેલવા માટે નવીન રીતો સૂચવી શકે છે. વિદ્યાર્થીઓને સ્થાનિક રીતે સંબંધિત મુદ્દો પસંદ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિચારણા કરી શકે તેવા પ્રોજેક્ટસની વિશાળ શ્રેણી છે. કેટલાક ક્ષેત્રો કે જેમાં વિદ્યાર્થીઓ તેમના પ્રોજેક્ટ વિકસાવી શકે છે. તે નીચે મુજબ સૂચિબદ્ધ છે.

- હરિત ઉર્જા અથવા સૌર, પવન, પાણી વગેરે માંથી પુનઃપ્રાપ્ય ઉર્જા
- ગ્રામીણ અને શહેરી વાતાવરણમાં હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ ઘટાડવું, કૃષિ, ઉદ્યોગો, ઉત્પાદન અને પરિવહન ક્ષેત્ર વગેરે.
- નદી કિનારા, તથા પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોનું પુનઃવસન
- સ્વચાલિત(ઓટોમેટીક) હવામાન રેકોર્ડિંગ માટેના યંત્રો
- કોઈપણ વ્યક્તિ અથવા કુટુંબના કાર્બન ફૂટ પ્રિન્ટની ગણતરી કરવા માટેના ઉપકરણો
- નવીન તકનીકીઓનુ સંચાલન અને ઘન કચરા માટે ઈકો ફ્રેન્ડલી હોમ ડિઝાઈન જેમાં ઉર્જા કાર્યક્ષમ ઉપકરણો અને પુનઃપ્રાપ્ય ઉર્જા સંસાધનોનો ઉપયોગ દર્શાવવામાં આવે છે.
- જળસંગ્રહ અને ભૂગર્ભજળનું રિચાર્જ.
- દરિયાકાંઠાના વિસ્તારોનું વ્યવસ્થાપન કાર્બન અને ઈકોલોજીકલ પ્રિન્ટ ઘટાડવું
- ગટર વ્યવસ્થા (ડ્રેનેજ સિસ્ટમ)
- હરિત ઈમારતો (ગ્રીન બિલ્ડિંગ)
- પેકેજીંગની ટકાઉ, જૈવ વિઘટનીય અને નવીન રીતો.

- ઉપકરણ, ઈમારતો વગેરેમાં ટકાઉ અને ઈકો ફ્રેન્ડલી કુલીંગ અને હીટિંગ સિસ્ટમ
- જૈવ વિઘટનીય અને ઓછા ખર્ચાળ ઉત્પાદનો
- જૈવ વિવિધતા ધરાવતા વિસ્તારો અને જળચરોનું પુનઃસ્થાપન અને સંરક્ષણ
- વાતાવરણ તથા કુપોષણના કારણે માનવીમાં થતા ચેપી રોગોની સંભાવનાઓ, માનવ સ્વાસ્થ્ય પર ગ્લોબલ વોર્મિંગની અસરનો અભ્યાસ (ડેન્ગ્યુ, મલેરિયા, ઝિકા વાઈરસ, SARS Cov. જેવા રોગોનો ફેલાવો).
- ખનિજોના નિષ્કર્ષણ અને પ્રક્રિયામાં કચરો ઘટાડવા માટેના નવીન વિચારો.
- માનવ-પ્રાણી વચ્ચેના સંઘર્ષને નિવારવા માટેની નવીન રચનાઓ.
- પર્યાવરણની આબોહવા પરિવર્તનને પરિણામે થતા સામાજિક સંઘર્ષો અને તેમના ઉકેલ (જો શક્ય હોય તો કેસ સ્ટડીઝ નો ઉપયોગ કરીને)
- ગંદા પાણીના શુદ્ધિકરણની નવીન રીતો/પદ્ધતિઓ/ઉદ્યોગોમાં/ઘરોમાં શુદ્ધ કરેલા પાણીનો ઉપયોગ કરવો.
- સ્વચ્છતા સંબંધિત બાબતો પ્રત્યે નવીન તકનીકોનો ઉપયોગ
- હાલની લાઈટિંગ સિસ્ટમ/ઓટોમોબાઈલ/યંત્રો /ચૂલાની કાર્યક્ષમતા વધારવા માટેની નવીન રચનાઓ
- પ્રદુષકોની ગણતરી, દાવાનળની જાણકારી, હવામાનનું રેકોર્ડિંગ વગેરે હેતુઓ માટે નવીન યંત્રો
- જૈવ વિવિધતાનું સંચાલન અને સંગ્રહ માટે વ્યૂહરચનાઓ
- જંગલો, સરોવરો, નદીઓ, મેન ગ્રૂવ્સ, પીટ લેન્ડસ (ખાડા ટેકરા વાળી જમીન) તથા વેટ લેન્ડસ (ભીની જમીન)નું વ્યવસ્થાપન તથા સંરક્ષણ
- ચક્રવાત, પૂર અને વાવાઝોડાની જાણકારી આપતી તકનીકીઓ
- પર્યાવરણીય બદલાવો અને આબોહવા પરિવર્તનની જૈવવિવિધતા પર થતી અસરને સંબોધવા માટે ગાણિતિક નમૂનાઓ
- પર્યાવરણ પર થતી વસ્તી વધારાની અસરને સંબોધવા માટેના ગાણિતિક નમૂનાઓ
- જંગલોની આગ વૃક્ષોના પ્રકાર, હવામાન અને જમીનની સપાટીની પ્રકૃતિ પર આધારિત છે તેવું દર્શાવતા ગાણિતિક નમૂનાઓ.

3. કૃષિ (Agriculture)

ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ, કૃષિ એ એક એવી પ્રથા છે જે હજારો વર્ષોથી પ્રચલિત છે અને ભારતીય સંસ્કૃતિમાં ઊંડે સુધી જડેલી છે. 2022-2023 માં, કૃષિ અને સંબંધિત ક્ષેત્રોએ જીડીપીમા લગભગ 18.3 % યોગદાન આપ્યુ હતુ; તે ભારતમા સૌથી ઝડપથી વિકસતું ક્ષેત્ર છે અને લગભગ 151 મિલિયન લોકોને ટેકો આપે છે. ભારતીયો માટે, ખેતી એ માત્ર આવકનું સાધન નથી પણ જીવન જીવવાની રીત પણ છે. અંદાજે 60% ભારતીયો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલા છે. ભારત વિશ્વમાં ઘઉં, ચોખા, શેરડી, શાકભાજી, મગફળી, કપાસ અને ફળોનું બીજા ક્રમનું સૌથી મોટું ઉત્પાદક છે કારણ કે, કૃષિ એ એકમાત્ર ક્ષેત્ર છે જે અન્ય ઉદ્યોગો માટે પણ કાચા ઘટકોનુ ઉત્પાદન કરે છે. વધુમાં, ભારત વિશ્વમાં મસાલા, શણ અને કઠોળનુ સૌથી મોટુ ઉત્પાદક છે. કાપડ ઉધોગ, ફૂડ પ્રોસેસીંગ અને ફાર્માસ્યુટિકલ ઉત્પાદન સહિત ભારતમા અન્ય ઉદ્યોગો ખીલી રહ્યા છે તેનું મુખ્ય કારણ કાચા માલની સરળ ઉપલબ્ધતા છે.

પ્રાચીનકાળમા સિંધુ ખીણની સંસ્કૃતિ હોવાથી, ભારતનું પરિસ્થિતિ વિજ્ઞાન (ઇકોલોજી), વૈવિધ્યસભર વાતાવરણ અને સ્થળ રૂપરેખા (ટોપોગ્રાફી)ને લીધે વિવિધ પ્રકારના પાક ઉગાડવા શક્ય છે. કઠોળ અને બાજરી સહિત અસંખ્ય અન્ય પાકો સમગ્ર ભારતમાં ઉગાડવામાં આવે છે, જેમાં ઉત્તરના મેદાનોમાં ઘઉં અને શેરડી, દક્ષિણમાં ચોખા, પશ્ચિમી ગંગાતટમાં કપાસ અને શણનો સમાવેશ થાય છે અને અન્ય ઘણા પાકો વિવિધ વિસ્તારોમાં લેવામાં આવે છે. ભારતીય ભૂમિ ફળદ્રુપ અને પોષકતત્વોથી સમૃદ્ધ છે, જે તેને મસાલા, ચા અને કોફી જેવા રોકડિયા પાકો ઉગાડ્વા માટે આદર્શ બનાવે છે જે રાષ્ટ્રની નિકાસ આવકને ટેકો આપે છે. આપણે એવી દલીલ કરી શકીએ છીએ કે વિજ્ઞાન અને ટેક્નોલોજીએ કૃષિ સાથે એક સહજીવન જોડાણ બનાવ્યું છે. જે રીતે આપણે ખોરાકનું ઉત્પાદન કરીએ છીએ, સંશોધનોનું સંચાલન કરીએ છીએ અને ઈકોસિસ્ટ્મ જાળવીએ છીએ , આપણા દેશમાં કૃષિ વિકાસની ચર્ચા કરતી વખતે આ સાચું છે. 1960ના દાયકાની હરિયાળી ક્રાંતિ એ શ્રેષ્ઠ ઉદાહરણ છે કે કેવી રીતે કૃષિ સંશોધનોએ નિચલા સ્તરે કૃષિ ક્ષેત્રને વારંવાર બદ્લ્યું છે. વિજ્ઞાન પાકોને આનુવંશિક ઇજનેરી દ્વારા અને વિવિધ મુખ્ય પાકોને સુધારવા માટે ઉછેર તક્નીકોના ઉપયોગ દ્વારા નવા પાકોના વિકાસને સક્ષમ કરવાનું ચાલું રાખે છે. જીવાતો અને રોગો માટે વિવિધ પાકોની વધેલી પ્રતિકારક શક્તિ તેમજ તેમના સુધારેલા પોષક મુલ્યો આ તક્નીકોને આભારી છે.

